البركه
Al Barkah

Credit & Consumer Cooperative Society Ltd
REG/AHD/(C)/SE(SH)45954/2020



# પરસ્પર સહકારથી આજિવીકા અને પ્રતિષ્ઠાની કેળવણી

# *The Power of Cooperation and Ethics*

વાર્ષિક અહેવાલ
2024

www.albarkah.in

# અનુક્રમણિકા


| | |
|---|---|
| અલ-બરકહનો પરિચય | 03 |
| પ્રમુખનો સંદેશ | 06 |
| ઉપ-પ્રમુખનો સંદેશ | 07 |
| મેનેજીંગ ડાયરેક્ટરનો સંદેશ | 08 |
| આભાર સંદેશ | 09 |
| બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ | 11 |
| બ્રાન્ચ ટીમ | 12 |
| વાર્ષિક અહેવાલ | 13 |
| નાણાંકીય અહેવાલ | 15 |
| સફળતાની ઝલક | 22 |
| ઈવેન્ટ ગેલેરી | 24 |

# અલ-બરકહ પરિચય

આપણે બધા જાણીએ છીએ કે વ્યાજ એ સમાજ માટે કેટલું જોખમી છે. ખાસ કરીને આર્થિક રીતે પછાત લોકો માટે તે રોગચાળા જેવું છે. સમાજનો એક મોટો વર્ગ સ્થાનિક નાણા ધીરનાર (મહાજન) અને બેંકોની વ્યાજ આધારિત લોનમાં ફસાયેલો છે. ખેડૂતો અને ગરીબ પછાત લોકો વધતા વ્યાજ દરોને કારણે હતાશામાં આત્મહત્યા કરી રહ્યા છે. આર્થિક તંગીના કારણે મહિલાઓ મહિલા બચત ગ્રુપ (મહિલા બચત જૂથ)નો ભોગ બની રહી છે. આવી સ્થિતિમાં, નૈતિક સિદ્ધાંતો અને મૂલ્યો પર આધારિત માઇક્રોફાઇનાન્સના વ્યાજમુક્ત મોડલ સાથે સમાજની નાણાકીય સમસ્યાઓના ઉકેલ માટે "ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, 1961 હેઠળ અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટીની સ્થાપના 9મી નવેમ્બર 2020ના રોજ કરવામાં આવી હતી.

અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટી તેની સ્થાપનાથી જ અવિરતપણે કામ કરી રહી છે અને અમદાવાદ શહેરમાં વ્યાજમુક્ત માઇક્રોફાઇનાન્સની સેવામાં સતત આગળ વધી રહી છે. ઉધોગસાહસિકો, બેરોજગાર યુવાનો, વેપારી મહિલાઓ, ગરીબ અને કુશળ લોકોને ધર્મ અને જાતિના ભેદભાવ વગર વ્યાજમુક્ત લોન આપવામાં આવી રહી છે જેના કારણે આજે અમદાવાદ શહેરના લોકો બેંકો, મહિલા બચત જૂથ અને સ્થાનિક નાણા ધીરનાર પાસેથી વ્યાજ આધારિત ધિરાણ ટાળી રહ્યા છે.

અલ બરકાહ ક્રેડિટ અને કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટીની કામગીરી અને પ્રક્રિયાઓ બિલકુલ પારદર્શક છે અને તે કોઈપણ જાતના ગેરવહીવટ અને પક્ષપાતથી પરે છે. આ સિવાય અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટીએ હંમેશા વ્યાજમુક્ત ફાઇનાન્સમાં પોતાની આગવી ઓળખ જાળવી રાખી છે. અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટી "અમદાવાદ શહેરમાં તેની વિવિધ યોજનાઓ દ્વારા જનતાની સેવા કરી રહી છે જેના કારણે આજે "અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટી" એ સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

તમને "અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટી" માં જોડાવા અને વ્યાજમુક્ત સોસાયટીની સ્થાપના કરવા અને અમને વ્યાજમુક્ત નાણાકીય સેવાઓ પ્રદાન કરવાની તક આપવા માટે પદ્ધતિસરના સંઘર્ષનો ભાગ બનવા વિનંતી કરવામાં આવે છે.

### સ્થાપનાનો હેતુ

- ➢ સભ્યોમાં બચતની ટેવ અને પરસ્પર સહાયની ભાવના કેળવવી અને તેમની બચતનું રક્ષણ કરવું.
- ➢ સભ્યોને સરળ અને વ્યાજમુક્ત શરતો પર તેમની નાણાકીય જરૂરિયાતો પૂરી કરવામાટે ધિરાણ પૂરું પાડવું.
- ➢ કાયદેસર અને હલાલ આવક માટે સભ્યોના ભંડોળનું વિવિધ વ્યવસાયોમાં રોકાણ કરવું.
- ➢ સભ્યોની ઘર અને વ્યાપારીક જરૂરિયાતો માટે આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવી.
- ➢ મંડળીના નિયમો અને સંબંધિત સહકારી મંડળીના કાયદાના માળખામાં સભ્યોના સર્વાંગી વિકાસને સક્ષમ કરતી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

**સભ્યપદ,બચત અને લોન ખાતાઓ: સભ્યપદ:** કોઈ પણ વ્યક્તિ જે અહેમદાબાદ શહેરમાં રહેતી હોય તે સોસાયટીનો સભ્ય બની શકે છે. સભ્યપદ મેળવવા જરૂરી પુરાવાની નકલ રજુ કરી અને સોસાયટીનો ઓછામાં ઓછો એક શેર ખરીદીને સભ્યપદ મેળવી શકે છે. (એક શેરની કિંમત રૂ.100/-)

| | | |
|---|---|---|
| **સભ્યપદ ના પ્રકાર** | **એક થી નવ શેર** | • એક થી નવ શેર ધરાવનાર સભ્ય માસિક બચત અને દૈનિક બચત ખાતું ખોલાવી શકે છે |
| | **દસ કે દસ થી વધુ શેર** | • દસ કે તેનાથી વધુ શેર ધરાવનાર સભ્ય કોઈપણ બચત ખાતું ખોલાવી શકે છે<br>• કોઈપણ પ્રકારની લોન માટે અરજી કરી શકે છે. |
| **ખાતાના પ્રકારો** | **ડેલી બચત ખાતું** | • દૈનિક રોકડ આવક ધરાવનાર સભ્યો માટે આ એક મહત્વપૂર્ણ બચત ખાતું છે<br>• કોઈપણ સભ્ય આ બચતખાતું ખોલાવી શકે છે, દૈનિક લઘુત્તમ રૂ. 50/- અને મહત્તમ રૂ. 20,000/- જમા કરાવી શકાય છે.<br>• આ ખાતાધારકોને ડોર સ્ટેપ કલેક્શન સર્વિસ મળશે એટલેકે સભ્યો ઘેરબેઠા પૈસા પોતના ખાતામાં જમા કરી શકે છે<br>• ખાતાધારક પોતાની જરૂરિયાત પ્રમાણે પૈસા ઉપાડી શકે છે<br>• દૈનિક બચત ખાતામાં રૂપિયા 500/- બેલેન્સ જાળવવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| **ખાતાના પ્રકારો** | **માસિક બચત ખાતું** | • આ એક સામાન્ય બચત ખાતું છે, કોઈપણ સભ્ય આ ખાતું ખોલાવી શકે છે<br>• માસિક લઘુત્તમ રૂ.100 અને મહત્તમ રૂ. 500,000/- જમા કરાવી શકાય છે.<br>• ખાતાધારક પોતાની જરૂરિયાત પ્રમાણે પૈસા ઉપાડી શકે છે. |
| | **ગ્રોથ ફંડ ખાતું- માસિક ડીપોઝીટ** | • આ એક રોકાણ પ્રકારનું ખાતું છે જો કોઇ સભ્ય પોતાની બચત ઉપર આવક ઈચ્છતો હોય અને લાંબા ગાળા માટે પૈસા રાખવા તૈયાર હોય તો આ ખાતું ખોલાવી શકે છે.<br>• આ ખાતું ખોલવા માટે ઓછામાં ઓછા દસ શેર લેવા જરૂરી છે.<br>• માસિક લઘુત્તમ રૂ. 1000 મહત્તમ રૂ. 500,000/- જમા કરાવી શકાય છે<br>• આ ખાતામાં જમા થતી રકમ આવનાર એક વર્ષ માટે લોક કરવામાં આવશે, એટલેકે જે માસમાં જેટલી રકમ જમા થશે તે રકમ તેના એક વર્ષ પછીજ ઉપાડી શકાશે. |
| | **ગ્રોથ ફંડ ખાતુ- ફિક્સ ડીપોઝીટ** | • આ ગ્રોથ ફંડ ખાતાનો બીજો પ્રકાર છે<br>• આ એક રોકાણ ખાતું છે જો કોઈ સભ્ય પોતાની બચત ઉપર આવક ઈચ્છતો હોય અને લાંબા ગાળા માટે પૈસા રાખવા તૈયાર હોય તો આ ખાતું ખોલાવી શકે છે.<br>• આ ખાતું ખોલવા માટે ઓછામાં ઓછા દસ શેર લેવા જરૂરી છે,<br>• લઘુત્તમ રૂપિયા પચ્ચીસ હજાર (25000/-) થી મહત્તમ રૂપિયા પાંચ લાખ (500000/-) સુધી ની રકમ ફિક્સ ડીપોઝીટમાં મૂકી શકાય છે.<br>• ફિક્સ ડીપોઝીટ (FD)ની મુદ્દત એક વર્ષની રહેશે,<br>• એક વર્ષ વીતી ગયા પછી જ જેતે રકમ ઉપર ખાતાધારકોને નફાની રકમ જમા આપવામાં આવશે.<br>• એક વર્ષની મુદ્દત પહેલા રકમ ઉપાડવા ( F D છોડાવવા) ના કિસ્સામાં ખાતાધારક નફાની રકમ મેળવવાનો હકદાર રહેશે નહિ.<br>• એક ફિક્સ ડીપોઝીટ (FD) ખાતામાં બીજી વખત રકમ જમા કે ઉપાડ કરી શકાશે નહિ.<br>• સભ્યો ઈચ્છે તો ગ્રોથ ફંડ અંતર્ગત આવતી બન્ને સ્કીમમાં ખાતું ખોલાવી શકે છે. |
| **લોનના પ્રકાર** | **સિમ્પલ લોન** | • આ લોન સ્કીમ હેઠળ સભ્ય રૂ. 50000/- સુધીની લોન મેળવી શકે છે.<br>• લોનની ચુકવણીનો સમયગાળો 5 થી 20 મહિનાનો હોય છે.<br>• લોન લેનાર પાસેથી મુખ્ય રકમ પર સર્વિસ ચાર્જ લેવામાં આવશે.<br>• આ લોન અરજી માટે બે ગેરન્ટરની સહીઓ અનિવાર્ય છે.<br>• આ લોન મૂળભૂત જરૂરિયાતના ખર્ચ માટે જ આપવામાં આવે છે. |
| | **ગોલ્ડ લોન** | • આ લોન સ્કીમ હેઠળ સભ્ય રૂ. 100000/- સુધીની લોન મેળવી શકે છે.<br>• લોનની ચુકવણીનો સમયગાળો 5 થી 20 મહિનાનો હોય છે.<br>• લોન લેનાર પાસેથી મુખ્ય રકમ પર સર્વિસ ચાર્જ લેવામાં આવશે.<br>• સભ્યો પોતાની પાસે ઉપલબ્ધ સોનાના દાગીના સામે લોન મેળવવા અરજી કરી શકે છે.<br>• આ લોન મૂળભૂત જરૂરિયાતના ખર્ચ માટેજ આપવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| **લોનના પ્રકાર** | **ઓટો ફાયનાન્સ લોન** | • આ લોન સ્કીમ હેઠળ કોઈ પણ ટૂ વ્હીલર, થ્રી વ્હિલર અને ફોર વ્હિલર (ફોર વ્હિલર ફક્ત ધંધાકીય હેતુ માટે) ખરીદી આપવામાં આવે છે.<br>• લોનની ચુકવણીનો સમયગાળો ટૂ વ્હીલર માટે 12 થી 24 મહિના અને થ્રી વ્હિલર અને ફોર વ્હિલર માટે 12 થી 36 મહિનાનો હોય છે. |
| | **હોમ એન્ડ ઈલેક્ટ્રોનિક એપ્લાયન્સ લોન** | • આ લોન સ્કીમ હેઠળ ફર્નિચર, રેફ્રિજરેટર, કુલર, વોશિંગ મશીન, એસી, ટીવી વગેરે ઘર વપરાશની વસ્તુઓ ખરીદીને આપવામાં આવે છે.<br>• લોનની ચુકવણીનો સમયગાળો મહત્તમ 10 મહિનાનો હોય છે. |
| | **ધંધાકીય હેતુ માટે લોન** | • આ લોન સ્કીમ હેઠળ સભ્યો પોતાના ધંધા-રોજગાર આગળ વધારવા માટે અરજી કરી શકે છે.<br>• વિવિધ બીઝનેસ મોડેલ જેમકે (મુરાબાહ, મુશારિકા, મુદારીબાહ, ઈજારા વિગેરે) હેઠળ આ લોન મંજૂર થઈ શકે છે.<br>• લોન પર નફા નુકસાનની વહેંચણી સોસાયટી અને લોન લેનારની પરસ્પર સમજુતી પર આધારિત હોય છે. |

| | |
|---|---|
| **સોસાયટીની વિશેષતા** | • વ્યાજમુકત અને નૈતિક મુલ્યોને આધીન<br>• ઝડપી અને કાર્યક્ષમ સેવા<br>• કુશળ અને પ્રતિબદ્ધ સ્ટાફ<br>• એડવાન્સ બેંકિંગ સોફ્ટવેર અને ટેકનોલોજીથી સજ્જ.<br>• પારદર્શક અને બિન પક્ષપાતી વહીવટ. |

# એક સમૃતિ


શેખ નુરૂલહુદા (શેહઝાદ)
બોર્ડ મેમ્બર

અલ્લાહ તઆલાના શુક્ર સાથે,

અલ-બરકહના તમામ સભ્યોને સફળતા પુર્વક ચાર વર્ષ પુરુ કરવા બદલ દિલી મુબારકબાદ. છેલ્લા ચાર વર્ષથી આપને સેવા આપવા માટે બોર્ડ મેમ્બર્સ, બ્રાન્ચ મેનેજીંગ કમિટી અને બ્રાન્ચ સ્ટાફનો તહેદીલથી આભાર. પાછળ જોતા યાદ આવે છે કે અમે વિચાર્યું પણ નોહતું તેવું ફળ અલ્લાહ તઆલાએ અમોને આપ્યું છું. અમારી તો માત્ર એટલીજ ઈચ્છા હતી કે એવા લોકો જે માત્ર પૈસા ના હોવાના કારણે વ્યાજના ચંગુલમાં ફસાઈ જીવન બરબાદ કરી રહ્યા છે એમને પરસ્પર સહકાર અને પ્રતિષ્ઠા સાથે એમની આજીવિકાની કેળવણી થાય. માઈક્રો સ્તરના નાણાંકીય સપોર્ટ સાથે આજે અમે એક મોટું પરિવાર બની ગયા છીએ.

આજના દિવસ હું દિલથી મર્હુમ જનાબ માસ્ટર બશીર ખાન સાહબ ને યાદ કરું છું કે જેમના નેતૃત્વમાં અમે લોકો અલ-બરકહનો બીજ રોપ્યું અને આજે એક તાકતવર વૃક્ષ બનીને સમાજને ઠંડી છાયા આપી રહ્યો છે. એક દિવસ એવો હતો કે અમે માત્ર 6000 રુપિયા ભાડાની ઓફિસ માટે પણ વિચારતા હતા અને આજે અલ્લાહ તઆલાએ અમોને એક સ્ટેટ ઓફ ધ આર્ટ ઓફિસથી નવાઝ્યો છે.

આશા છે કે આજ રીતે આપ તમામનો સમર્થન મળતો રહેશે અને વધુ સારી રીતે અમે સમાજની સેવા કરતા રહીશું.

સહકાર બદલ આભાર

# પ્રમુખનો સંદેશ



## શેખ વાસિફ હુસૈન

અલ બરકાહ સોસાયટીના પ્રમુખ છે. તેઓએ બી. કોમ ફાયનાન્સ સાથે ગ્રેજ્યુશન પૂરું કરેલ છે. સામાજિક કાર્યકર અને સમુદાયના આગેવાન હોવાની સાથે ઇસ્લામિક નાણાકીય સિદ્ધાંતોના જાણકાર છે.

શરિયા સુસંગત ઇસ્લામિક માઇક્રોફાઇનાન્સ થકી સમાજ અને સમુદાયના આર્થિક સશક્તિકરણ અને સમૃદ્ધિ માટે સમર્પિત છે.

આદરણીય સભ્યો,

અસ્સલામુ અલયકુમ.

આર્થિક અસમાનતા,અસ્થિરતા અને ગરીબીના જમાનામાં અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કોઓપરેટિવ સોસાયટી એક આશાનું કિરણ છે. આ સોસાયટીનું મૂળ ઇસ્લામિક ફાઇનાન્સના અચળ સિદ્ધાંતો છે, જ્યાં ન્યાય, સમાનતા અને કરુણા જેવા મૂલ્યો માર્ગદર્શક ઉદ્દીપકનું કાર્ય કરે છે.

આપણું મિશન માત્ર નાણાકીય સહાય પૂરી પાડવાનું નથી, પરંતુ સાથે સાથે વ્યક્તિ, પરિવાર અને વ્યવસાયના સશક્તિકરણ માટે આત્મનિર્ભર, પ્રતિષ્ઠીત અને સમૃદ્ધ સમાજ બનાવવાનું છે. મોટાભાગે નિર્બળ લોકો જ આર્થિક પડકારોના બોજ હેઠળ દબાયેલા હોય છે. આવી પરિસ્થિતિમાં પ્રવર્તમાન વ્યાજયુક્ત વ્યવસ્થા તેમને વધુ કંગાળ બનાવે છે. સોસાયટી મારફત આપણો અભિગમ એવો માર્ગ પ્રદાન કરવાનો છે જે વ્યાજ-આધારિત દેવાના બંધનોથી મુક્ત હોય અને શરિયતના(ઈલાહી) માર્ગદર્શન સાથે સુસંગત હોય. શરિયત રિબા (વ્યાજ) ને હરામ અને એવા વેપાર તથા રોકાણને પ્રોત્સાહન આપે છે જેનાથી બધાને ફાયદો થતો હોય.કુર્આન આપણને યાદ અપાવે છે, "અલ્લાહે વેપારને હલાલ (વૈધ) કરેલ છે અને વ્યાજને હરામ (અવૈધ)." (સૂરઃ અલ-બકરહ 2:275).

ઇસ્લામી નૈતિક નાણાકીય વ્યવહારો ન્યાયીપણાની ખાતરી કરે છે અને શોષણ અટકાવે છે. આ સિદ્ધાંતોનું પાલન માત્ર ઇસ્લામિક ઉપદેશોનું અનુસરણ નથી, પરંતુ દરેક વ્યક્તિને વિકાસની તક મળે તેવા વાતાવરણને પણ પ્રોત્સાહન આપવાનું છે.

અલ બરકાહ સુલભ નાણાકીય સેવાઓ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે, જે આપણા સમુદાયની અનન્ય જરૂરિયાતોને પૂરી કરે છે. ભલે તે નાના વ્યવસાયોને ટેકો આપતી હોય, શૈક્ષણિક લોન આપતી હોય અથવા મુરાબહા આધારિત ઓટો ફાઇનાન્સ અને હોમ એપ્લાયન્સ લોન આપતી હોય. આપણી યોજનાઓનો ધ્યેય ભાઈચારો અને પરસ્પર સહકારની ઉદાર ભાવનાને ઉત્તેજન આપવા સાથે જરૂરિયાતમંદ લોકોનું ઉત્થાન કરવાનો છે.

આ ક્ષેત્રમાં આગળ વધી નવા આયામો સર કરવા હું આપ સૌને આ ઉમદા પ્રયાસમાં હાથથી હાથ મિલાવી સહકારનું આહ્‌વાન કરું છુ. ચાલો, આપણે સૌ સાથે મળીને એક એવો સમાજ બનાવવા માટે પ્રયત્ન કરીએ જ્યાં નાણાકીય સ્થિરતા દરેકની પહોંચમાં હોય, જ્યાં આર્થિક ક્રિયા પ્રતિક્રિયાઓ ઇસ્લામી મૂલ્યોના તાબા હેઠળ હોય, અને જ્યાં આપણા પ્રયાસોનું કેન્દ્ર આપણા સમુદાયનું કલ્યાણ હોય.

અલ્લાહ આપણા પ્રયત્નોને ફળીભૂત કરે, આપણને આપણા ઉદ્દેશ્યમાં સફળતા આપે અને આ પહેલને બધા લોકો માટે લાભનો સ્ત્રોત બનાવે. આમીન.

વસ્સલામ

# ઉપ-પ્રમુખનો સંદેશ



## CA. પઠાન સૈયુમ ખાન

અલ બરકાહ સોસાયટીના ઉપપ્રમુખ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.

તેમજ બીઝનેસ અને મેનેજમેન્ટ કન્સલ્ટન્સીમાં કુશળતા ધરાવે છે. વ્યૂહાત્મક આયોજન અને નાણાકીય આંતરદૃષ્ટિ પર ધ્યાન કેન્દ્રિત કરી ઉધોગામીઓ માટે ધંધાકીય વિકાસ તેમજ નફાકારકતા વધારવા માર્ગદર્શન આપે છે. શ્રેષ્ટતા અને નૈતિક પ્રથાઓ માટે પ્રતિબદ્ધ સંસ્થાઓને સશક્તિકરણ કરવા અને ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત કરવા સમર્પિત છે.

સોસાયટીના ઉપ-પ્રમુખ તરીકે ત્રીજા વાર્ષિક અહવાલમાં આપને સંભોધન કરતા ગર્વની લાગણી અનૂભવી રહ્યો છું. સોસાયટીની સ્થાપના જે શરિયત અને નૈતિકતાના મૂલયો પર કરવામાં આવી હતી એજ મૂલ્યો સાથે અલ-બરકહનાં વિકાસ જોતા હર્ષ અને શુક્રની લાગણી અનૂભવી રહ્યું છું. આજે આપણી સોસાયટીમાં 2800 ઉપરાંત સભ્યો પરસ્પર સહકારની ભાવના તેમજ નૈતિક મૂલ્યો આધારિત નાણાંકીય વ્યવહાર કરવા માટે સોસાયટી સાથે જોડાયેલા છે. આ સદસ્યોની નાની બચતો નો પર્યાપ્ત ભંડોળ 4,00,00,000/- (રૂ. ચાર કરોડ) ને પાર કરવા જઈ રહ્યો છે. અલ-બરકહ ની આ સિદ્ધી તમામ સભ્યોના સહકારની ભાવના તેમજ પરસ્પર વિશ્વાસને કારણે છે.

આપ સૌને જાણ હશે કે સભ્યોની સંખ્યા વધતાં મોટી ઓફિસ ની જરૂરીયાતને અનુલક્ષીને અલ-બરકહે પોતાની એક વિશાળ ઓફિસ ખરીદી લીધી છે. જેનું શુભ-આરંભ 8 સેપ્ટેમ્બર, 2024 ના રોજ થવાનું છે. અલ-બરકહ ના બોર્ડ મેમ્બર્સની આ સાહસિક વલણ ને હું દિલ થી બિરાદવું છું. આશા છે કે આ નવી ઓફિસ થી સભ્યોને વધારે સારી રીતે સેવા આપી શકીશું.

આપણે સૌ રોજ બરોજ વ્યાજના દુર્ગુણના લીધે સમાજમાં ફેલાતી બુરાઈઓ જોઈએ છીએ. આ વ્યાજ વાળી લોનના લીધે સમાજની નાની કુમળી છોકરીઓ દેહ-વ્યપાર જેવી ગંભીર બૂરાઈનો શિકાર બની રહી છે. આવીજ રીતે વ્યાજ અને કરજના બોઝ ને કારણે ઘણા યુવાનો આત્મ હત્યા પણ કરી રહ્યા છે.

જ્યારે આપણો સમાજ આવી તદ્દન વિપરીત પરિસ્થિતી નો સામનો કરી રહ્યો હોય તો સમાજને આર્થિક રીતે સૂસજ્જ લોકોની આ નૈતિક જવાબદારી બની જાય છે તે આવી બુરાઈથી સમાજને બચાવવા આગળ આવે.

અલ-બરકહ નો પ્લેટફોર્મ સમાજના દરેક વર્ગ માટે લાભદાયક છે. આર્થિક રીતે પછાત વર્ગ હોય કે પછી મધ્યમ તેમજ આર્થિક રીતે સદ્ધર હોય બધાજ અલ-બરકહ ના સભ્ય બની ને પોતાની મેહનતની કમાણી અલ-બરકહ માં ડિપોઝીટ કરી શકે છે. સમાજના જેટલા લોકો પરસ્પર સહકારની ભાવના સાથે અલ-બરકહ માં જોડાશે તેટલીજ વધારે આ સોસાયટી મજબૂત બનશે અને સમાજને વ્યાજના દૂષણથી બચાવવામાં મોટો ફાળો નોંધાવશે.

દેશ અને દુનિયામાં વધતી જતી આર્થિક અસમાનતા પણ એક ગંભીર સમસ્યા છે. અલ-બરકહ નાના ધંધાકીય વર્ગને ઉપર લાવવા માટે અથાક પ્રયત્નો કરી રહી છે. માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝ (સુક્ષ્મ અને લઘુ ઉધોગો) માટે બિઝનેસ લોન પણ આપવામાં આવે છે. આવા નાના ઉધોગ સાહસિકો જે વ્યાજના દૂષણ થી દૂર રહી ધંધો પરસ્પર સહમતી થી નફા-નુકસાનની વહેંચણી ના આધાર પર લોન લેવા માંગતા હોય તે પણ અલ-બરકહેનો સભ્ય બની લાભ લઈ શકે છે.

છેલ્લે, અલ-બરકહના સભ્યો તેમજ શહેરના અગ્રણીઓને અરજ કરીશ કે આગળ આવે અને પરસ્પર સહકાર અને વિશ્વાસની ભાવના સાથે અલ-બરકહને વધુ મજબૂત બનાવે જેથી સમાજના બધા લોકો સુખ અને સંપન્ન જીવન જીવી શકે.

# મેનેજીંગ ડાયરેક્ટરનો સંદેશ



અન્સારી જાવેદ અખ્તર
**મેનેંજીંગ ડાયરેક્ટર**

આદરણીય સભ્યો,

અલ-બરકહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર્સ કૃઓપરેટિવ સોસાયટીની શરુઆત શહેર અહમદાબાદના લોકો માટે શરુ કરવા માં આવેલ એક ઉદાહરણ રૂપ છે. આ સંસ્થા દ્વારા અમે સમાજના એવા લોકોને સહાય કરવા માંગીયે છીએ જે લોકોને બેંક સુધી પહોંચ નથી. વચેટીયાઓ અને નાણાંધીરનારો દ્વારા શોષિત અને માર્જિનાલાઇઝ કોમ્યુનિટીને પગભર કરવા અને નાણાંકીય સહાય આપી સમૃદ્ધ બનાવવા અમારા આ પ્રયાસમાં આપ સહુનો સિંહ ફાળો છે તે માટે આપ તમામનો આભાર વ્યક્ત કરું છું.

હું અલ્લાહ તઆલાનો આભારી છું કે હું એક એવી સોસાયટી નો ભાગ છું જ્યાં કસ્ટમર ને માત્ર પૈસા કમાવવાના સાધન તરીકે નહીં બલ્કે તેના ઉદ્ધાર માટે શું કરી શકાય એ વિચારવા માં આવે છે.

અમારા માનવંતા સભ્યો કે જેમણે આ સામાજીક ઉત્થાન ના ભગિરથી કાર્યમાં અમારી સાથે જોડાયા અને દરેક પગલે અમારી સહાયતા માટે તત્પર રહી અમને સહકાર આપ્યો એવા અમારા તમામ સભ્યોના હું દિલ થી આભાર વ્યક્ત કરું છું. અને ભવિષ્યમાં પણ એજ આશા રાખું છું.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ, બી.એમ.સી. સભ્યો અને બ્રાન્ચ સ્ટાફનો પણ હું અભાર વ્યક્ત કરું છું કે આ ગગનચુંબી સફળતા નો શ્રેય તેમને પણ જાય છે. તમારા પાયાના કાર્યો વગર આ લક્ષ્ય હાંસલ કરવું અમારા માટે અશક્ય હતો.

# આભાર સંદેશ



**CA. કરીમ લાખાણી**
**FCA, CPA(Australia), DISA**

કોઈપણ સમાજની સુખાકારીનો આધાર આર્થિક રીતે ઉન્નતી પર પણ રહેલ છે આર્થિક રીતે ઉન્નતીનો આધાર સમાજના તમામ વર્ગનો આર્થિક સમાવેશ એટલે કે Financial Inclusion પર રહેલો છે સમાજના તમામ વર્ગોને આર્થિક સેવા જેવી કે બેન્કિંગ લોન રોકાણ વગેરે સરળતાથી મળવી જોઇએ.

આર્થિક સમાવેશના ઘણા બધા ફાયદા છે જેવા કે નાણાકીય સંસાધનો યોગ્ય ઉપયોગ થાય છે ગરીબી દૂર થાય છે સામાજિક સમાનતા આવે છે દરેકને યોગ્ય તક મળે છે નાણાકીય આત્મ નિર્ભરતા આવે છે અને સાથે સાથે નાણાકીય સુરક્ષા પણ મળે છે.

મને ખુશી છે કે અલ-બરકહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કો-ઓપરેટીવ સોસાયટી એ આ દિશા તરફનું ખૂબ જ મહત્વની શરૂઆત છે શોષણ મુક્ત સમાજની રચના તરફનું આ એક સફળ પગલું છે આ સંસ્થામાં હું સભ્ય તરીકે ખરેખર ગર્વ અનુભવ છું કારણકે આ સંસ્થા દ્વારા આ લોકોની જિંદગીમાં સકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે.

મારી સમાજના તમામ વર્ગો અને તમામ લોકોને નમ્ર વિનંતી છે કે આ સંસ્થાના ઉદ્દેશ સાથે આપ જોડાઓ તેની સરસ નાણાકીય સેવાઓ છે એનો લાભ લો અને સાથે આપ આ સોસાયટીના સભ્ય બનીને ઘણા બધાની જિંદગીમાં પણ પરિવર્તન લાવવા માટે સહભાગી બનો.

હું આ સંસ્થામાં સભ્ય બન્યો ત્યારથી એક પારદર્શકતા જોવા મળી છે નિયમિત માસિક રિપોર્ટ અને તમામ પ્રકારની સેવાઓ ખૂબ જ ઉત્તમ ગુણવત્તાવાળી છે તેઓ મારો વ્યક્તિગત અનુભવ છે.

મારી સોસાયટીના પ્રમુખ ઉપપ્રમુખ એમડી અને તમામ હોદ્દેદારોને ખૂબ શુભેચ્છાઓ છે અને દુઆ છે કે જે સરસ હેતુથી આ સંસ્થા ની શરૂઆત થઈ છે તે હેતુ પૂરો થાય અને સમાજના તમામ વર્ગોને આ સંસ્થાની સેવાનો લાભ મળે અને દેશના વિકાસમાં તેઓ પણ ભાગીદાર બને તેવી દિલથી દુઆ પણ છે આભાર

# આભાર સંદેશ



**મૂફ્તી મૂહમ્મદ અસજદ કાસમી**
મોહતમિમ, જામિઆ કાસિમુલ ઉલૂમ - શાહપુર અહમદાબાદ.
સદર, મદની ફાઉન્ડેશન અહમદાબાદ ગુજરાત

અલ્લાહ તઆલાની પ્રશંસા અને નબી કરીમ ﷺ પર દુરૂદ અને સલામ સાથે

સૌપ્રથમ હું અલબરકહ ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટીના હોદ્દેદારોની સમગ્ર ટીમને સોસાયટીની સફળતાઓ અને પ્રગતિ માટે દિલથી અભિનંદન પાઠવું છું. આ જાણીને અત્યંત આનંદ થયો કે આ સોસાયટીએ ઇસ્લામિક સિદ્ધાંતો પર આધારિત વ્યાજ વિનાની નાણાકીય વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ અસરકારક અને ઉપયોગી પગલાં લીધાં છે. આજના સમયમાં જ્યારે વ્યાજખોરો અને શરીયત વિરોધી નાણાકીય સિસ્ટમનો પ્રભાવ છે ત્યારે આપની સોસાયટીનો આ પ્રયાસ ઉંમત-એ-મુસ્લિમા માટે એક મહત્વપૂર્ણ માઇલસ્ટોન છે.

ઇસ્લામિક આર્થિક સિસ્ટમનો આધાર અદ્લ ન્યાય અને બરકત પર છે જેમાં તમામ લોકો માટે સમાન તકો અને તેમની મહેનત તથા પ્રયત્નોનો યોગ્ય હક મળે છે. અલબરકહ ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટીએ આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ખૂબ જ સરસ રીતે ઇસ્લામિક નાણાકીય સિસ્ટમને અમલી જિંદગીમાં ઉતાર્યું છે. આપ સહુનો આ પ્રયાસ ફક્ત દીની ખિદમત નથી, પણ ઉંમત-એ-મુસ્લિમા સહિત અન્ય દેશવાસીઓની આર્થિક સ્થિતિ સુધારવાનો ઉપાય પણ છે.

આજના સમયમાં જ્યારે પૂંજીવાદી સિસ્ટમ સંપૂર્ણપણે પ્રભુત્વ ધરાવે છે, લોકો સરળતાથી વ્યાજ આધારિત વ્યવસાયમાં ધકેલાઇ જાય છે અને મોટાભાગના લોકો ઇસ્લામિક શિક્ષણો અને સિદ્ધાંતોને ભૂલી ગયા છે, ત્યારે આપની સોસાયટીએ તેમને એ સિદ્ધાંતો યાદ કરાવીને એક મહત્વપૂર્ણ ફરજ અદા કરી છે. અલબરકહ સોસાયટીની સ્થાપના અને તેના હેઠળ અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ ખૂબ જ પ્રશંસનીય છે. મને વિશ્વાસ છે કે આ પ્રયત્ન ઉંમત-એ-મુસ્લિમા સહિત સમગ્ર માનવજાતને આર્થિક દૃષ્ટિએ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને આપના માધ્યમથી તે લોકો પણ લાભાન્વિત થશે, જે ઇસ્લામિક સિદ્ધાંતો અનુસાર જીવન જીવવા માંગે છે, પણ વર્તમાન સિસ્ટમમાં ફસાઇ ગયા છે.

અલ્લાહ તઆલા અલબરકહ સોસાયટીને ખૂબ ઝડપી પ્રગતિ આપે અને તેને સમાજમાં શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે પ્રસ્થાપિત કરે, મારી દુઆ છે કે અલ્લાહ તઆલા અલબરકહ સોસાયટીના જવાબદારોનાં પ્રયત્નોને કબૂલ કરે, આપના દરેક પગલાંમાં બરકત આપે અને દીન અને દુનિયામાં સફળતા આપે.

# આભાર સંદેશ



**CA. સોહેલ મેંદાજીવાલા**
**Chartered Accountant**

માનનીય અલ બરકહ ,

બોર્ડના તમામ સભ્યોની તરફથી, અમે આપના વ્યાજમુક્ત લોનના મહાન કાર્ય માટે તમારા વખાણ કરવામાં આનંદ અનુભવી રહ્યા છીએ. આ લોકહિતકારી પ્રવૃત્તિ આપણા સમાજ માટે આશીર્વાદ રૂપ છે, જે લોકોની આર્થિક મુક્તિ અને સમૃદ્ધિમાં મદદરૂપ થશે. આ સોસાયટી છેલ્લા ૪ વર્ષથી અહમદાબાદ ના વિસ્તાર માં લોકોને વ્યાજ ના અંધકાર માંથી બહાર લાવવાના કામો કરેલા છે. આ સેવાનો લાભ સમાજના ઘણાબધા લોકો એ લીધો છે, અને તેમના પોતાના અભિપ્રયો પરથી કહી શકાય કે આવી સોસાયટી આવનાર સમય માં સમાજ માટે એક વરદાન સ્વરૂપ થઇ રેહશે. સમાજને વ્યાજ ના ચક્કરમાંથી બચાવવા અને તેમના વિકાસ માટે આ સંસ્થા નો વિસ્તાર સમગ્ર ગુજરાત અને ત્યારબાદ સમગ્ર ભારતમાં વિસ્તરણ થાય તેવી અમારી દુઆછે.

કુરઆન માં કહેવામાં આવ્યું છે: "અલ્લાહ વ્યાજને નાશ કરે છે અને સદકાને વધારે છે." (અલ-બકરાહ 2:276) - આ કથન આપણે સમજાવું છે કે વ્યાજ ક્યારેય કોઇને લાભ નથી પહોંચાડતા, પરંતુ તે વિનાશ તરફ લઇ જાય છે. તમારા પ્રયત્નો વ્યાજમુક્ત સમાજના આદર્શને વાસ્તવિક જીવનમાં લઇને આવ્યા છે, જે અસંખ્ય પરિવારોને નિરંતર સુખાકારી પ્રદાન કરશે.

આ મહાન કાર્ય માટે અમે તમારો આભાર માનીએ છીએ અને તમારું આવકારિય કાર્ય સંપૂર્ણપણે સમર્થન કરીએ છીએ.
શ્રેષ્ઠ શુભકામનાઓ સાથે.

# આભાર સંદેશ



**મૌલાના ગુલામ સૈયદ અશરફી**
ખતીબ-વ-ઈમામ, મોમિન મસ્જિદ, બાપુનગર

અલ્લાહ તઆલાની પ્રશંસા અને નબી કરીમ ﷺ પર દુરૂદ અને સલામ સાથે

"અલબરકહ" નામની જે વ્યાજમુકત ચળવળને વ્યવહારુ સ્વરૂપ આપીને જનસેવા માટે જે ટીમ કામ કરી રહી છે, તે  પ્રશંસાપાત્ર છે. તેઓ સાચા અર્થમાં અભિનંદન અને પ્રશંસાને પાત્ર છે, જેમણે શરઈ માગદર્શનને ધ્યાનમાં રાખીને આ વ્યાજમુક્ત સોસાયટીની સ્થાપના કરી અને લોકોને વ્યાજ જેવી કુપ્રથાથી મુક્તિ અપાવી. અને અન્ય સમાજ માટે ઉદાહરણ પુરુ પાડ્યું અને મહાન પયગમ્બર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના આ આદેશનું પ્રમાણિકતા સાથે પાલન કર્યું કે "સૌથી શ્રેષ્ઠ માણસ તે છે જે અન્ય લોકો માટે ફાયદાકારક બને. હું દિલથી પ્રાર્થના કરું છું કે મૌલા એ  કરીમ આ સકારાત્મક કાર્યમાં સામેલ દરેક વ્યક્તિને બંને જગતની ખુશીઓથી નવાજે અને પોતાની મરજી સામેલ હોય તેવા દરેક સદકાર્ય કરવાની તૌફીક આપે.

આમીન, બજાહે સૈયદુલ મુરસલીન.

# આભાર સંદેશ



**CA. મો. શહેઝાદ હોકાબાજ**
**FCA, B.Com**

પ્રિય સોસાયટીના સભ્યો અને હિતેચ્છુઓ,

હું, C.A. મોહમ્મદસહેજાદ હોકાબાજ, આ વર્ષે આપને અલબરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યૂમર કો-ઓપરેટિવ સોસાયટી લિ.ના કાર્ય અને સિદ્ધિઓ વિશે મારા શબ્દોમાં અવગત કરવાનું ગૌરવ અનુભવું છું.

અલબરકાહ સોસાયટી, જેની શરૂઆત 09-11-2020ના રોજ થઈ હતી, એ સહાયચારી ધોરણે, કોઈ નફો ન કમાવતી, સામાજિક સેવા આપતી સંસ્થા છે. અલબરકાહ સોસાયટીનું મુખ્ય ઉદ્દેશ છે સર્વિસ ચાર્જ આધારિત માઇક્રોફાઇનાન્સ (SCBM) પ્રવૃત્તિઓને ભારતમાં પ્રોત્સાહન આપવું.

અલબરકાહ સોસાયટી સહકારી સિદ્ધાંતો, આર્થિક સંભાળના નિયમો, વ્યવસાયિક શાસન અને સામાજિક કામગીરીના દેખાવના માપદંડોને અનુસરીને કામ કરે છે. આ સોસાયટીનો ઉદ્દેશ્ય છે કે તેના સભ્યોને બજારમાં સ્પર્ધાત્મક દરે નાણાકીય સેવાઓ મળી શકે અને સોસાયટી આત્મનિર્ભર બને.

**અલબરકાહ સોસાયટીના પ્રમુખ સૂત્રો છે:**

**1.** સહકાર અને નૈતિકતાની તાકાત

**2.**રોજગાર અને ગૌરવ માટે સહાય

**3.**જરૂરિયાતમંદ સાથે ભાગીદારી

આપણા સૌનો સહકાર અને આપણું યોગદાન અલબરકાહ સોસાયટીની સફળતાનું મૂળ છે. ભવિષ્યમાં પણ આપણે અલબરકાહ સોસાયટીને આવો સહકાર આપીએ જેથી સોસાયટી વધુ પ્રગતિ કરી શકે.

આભાર!

# બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ



શેખ વાસિફ હુસૈન
**પ્રમુખ**

B.Com,
સામાજિક આગેવાન



પઠાન સૈયુમ ખાન
**ઉપ-પ્રમુખ**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



અન્સારી જાવેદ અખ્તર
**મેનેજીંગ ડાયરેક્ટર**

MBA પ્રોફેશ્નલ



અન્સારી મોહમ્મદ કલીમ
**ડાયરેક્ટર:**
**એકાઉન્ટ એન્ડ લિગલ અફેર્સ**

B.Com, Inter CA,
Tax Consultant



શેખ નુરુલહુદા (શેહઝાદ)
**બોર્ડ મેમ્બર**

MSc. IT.
ટ્રેનર, ICAI, Ahmedabad



મણિયાર મોહમ્મદ ઉમર
**બોર્ડ મેમ્બર**

MSC IT, ERP Consultant



શેખ અઝહરુદ્દીન
**બોર્ડ મેમ્બર**

IT Professional



રાજપૂત મોહમ્મદ ખાલિદ
**બોર્ડ મેમ્બર**

બિઝનેસમેન



શેખ માજિદ હુસૈન
**બોર્ડ મેમ્બર**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



સાચોરા સોહલ
**બોર્ડ મેમ્બર**

MBA માર્કેટિંગ પ્રોફેશ્નલ
સામાજિક કાર્યકર



પઠાન શહાના ખાન
**બોર્ડ મેમ્બર**

BA, Urdu
સામાજિક કાર્યકર



રાજપૂત મેહનાઝ
**બોર્ડ મેમ્બર**

BA
હોમ મેકર



અન્સારી અફસર જહાં
**બોર્ડ મેમ્બર**

સામાજિક કાર્યકર



કુરૈશી ફેહમીદા બાનું
**બોર્ડ મેમ્બર**

BA
સામાજિક કાર્યકર



અન્સારી અમરીન
**બોર્ડ મેમ્બર**

B.Com, B.Ed.
સામાજિક કાર્યકર

# કો-ઓપ્ટેડ મેમ્બર્સ

## રખિયાલ બ્રાન્ચ


અન્સારી ઝિયાઉદ્દીન
**BMC મેમ્બર**
Software Engineer


કુરેશી મો. આમિર એ.
**BMC મેમ્બર**
CMA (inter), LLB,M.COM.



રાજપૂત રિઝ્વાન એફ.
**BMC મેમ્બર**
B.Com,LLB, LLM


અ. રશીદ રેહબર
**BMC મેમ્બર**
Research Scholar

**ઓફિસ:** K-110, સુમેલ-8, અજીત મીલ ચાર રાસ્તા પાસે, રખિયાલ, અહમદાબાદ-380023 (ગુજરાત)
મો: +91 7984 83 8258


કુરૈશી તનવીર આલમ
**બ્રાન્ચ મેનેજર**


રાજપૂત મુશીર આલમ
**કેશિયર / એકાઉન્ટન્ટ**


મન્સુરી અનસ કમાલ
**ડેલી કલેક્ટર**

---

## જુહાપુરા બ્રાન્ચ


અન્સારી મો. અશરફ અલી
**BMC મેમ્બર**
Software Developer


શેખ તાહિર હુસૈન
**BMC મેમ્બર**
Commerce Gratuate


સાચોરા અ.કાદર
**BMC મેમ્બર**
B E -Chemical Engineering


અન્સારી મો. અનવર
**BMC મેમ્બર**

**ઓફિસ:** એ-5, બેઝમેન્ટ, આયેશા કોમ્પ્લેક્ષ, રિયાઝ હોસ્પિટલ, સરખેઝ રોડ,
જુહાપુરા, અહમદાબાદ - 380055 મો: +91 8780 33 2958



પરવેઝ આલમ
**બ્રાન્ચ ઈન્ચાર્જ**

# વાર્ષિક અહેવાલ

## નાણાંકીય વર્ષ 2023-24 માં

### સભ્યો અને ફંડ અહેવાલ
31 માર્ચ, 2024 સુધી

| Fund | OP. Balance | Deposit | Withdrawal | Cl. Balance |
|---|---|---|---|---|
| Share Capital | ₹ 28,54,200 | ₹ 12,37,300 | ₹ 1,18,800 | ₹ 39,72,700 |
| Growth Fund | ₹ 68,08,733 | ₹ 98,42,551 | ₹ 29,48,278 | ₹ 1,37,03,006 |
| Saving A/c. | ₹ 66,00,855 | ₹ 2,62,09,845 | ₹ 2,03,74,914 | ₹ 1,24,35,786 |
| Daily Deposit | ₹ 30,04,976 | ₹ 2,27,95,933 | ₹ 2,05,69,594 | ₹ 52,31,315 |
| **Total** | **₹ 1,92,68,764** | **₹ 6,00,85,629** | **₹ 4,40,11,586** | **₹ 3,53,42,807** |




### Interest Free Loans Performance Report

| Loan | Op. Loans | New Loans | Completed Loans | Cl. Loans |
|---|---|---|---|---|
| Simple Loan | 177 | 183 | 139 | 221 |
| Gold Loan | 31 | 54 | 32 | 53 |
| Staff Loan | 2 | 3 | 2 | 3 |
| **Total** | **210** | **240** | **173** | **277** |

| Loan Amount | Op. Balance | Disbursed | Repayment | C. Balance |
|---|---|---|---|---|
| Simple Loan | ₹ 47,85,557 | ₹ 83,35,800 | ₹ 72,15,879 | ₹ 59,05,478 |
| Gold Loan | ₹ 12,81,648 | ₹ 36,36,400 | ₹ 23,06,141 | ₹ 26,11,907 |
| Staff Loan | ₹ 14,000 | ₹ 1,30,000 | ₹ 62,000 | ₹ 82,000 |
| **Total** | **₹ 60,81,205** | **₹ 1,21,02,200** | **₹ 95,84,020** | **₹ 85,99,385** |

## Productive Loans Performance Report


| Type of Loans | Op. Loans | New Loans | Compl. Loans | Cl. Balance |
|---|---|---|---|---|
| Business Loan | 14 | 7 | 10 | 11 |
| Auto Finance | 121 | 149 | 71 | 199 |
| Appliances | 7 | 11 | 10 | 8 |
| **Total** | **142** | **167** | **91** | **218** |


| Type of Loans | Loan | Disbursed | Repayment | Cl. Balance |
|---|---|---|---|---|
| Business Loans | 25,95,389 | ₹ 56,27,189 | ₹ 63,50,080 | ₹ 18,72,498 |
| Auto Finance | 80,93,830 | ₹ 2,33,78,854 | ₹ 1,62,62,531 | ₹ 1,52,10,153 |
| Appliances | 2,90,345 | ₹ 4,61,700 | ₹ 5,24,275 | ₹ 2,27,770 |
| **Total** | **1,09,79,564** | **₹ 2,94,67,743** | **₹ 2,31,36,886** | **₹ 1,73,10,421** |




## 2021 - 2024 Performance Analysis

| Details | 2021 | 2022 | 2023 | 2024 |
|---|---|---|---|---|
| Members | 475 | 954 | 1688 | 2478 |
| Share Capital | ₹ 1,79,000.00 | ₹ 20,30,000.00 | ₹ 28,54,200.00 | ₹ 39,72,700.00 |



# નાણાંકીય અહેવાલ

## Al Barkah Credit & Consumer Co-op. Society Ltd.

### BALANCE SHEET AS AT 31st March-2024

**Amount Rs.**

| Particulars | Notes | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|
| | | | |
| **I. EQUITY AND LIABILITIES** | | | |
| **(1) Shareholder's Funds** | | | |
| Share Capital | 1 | 39,72,700 | 28,54,200 |
| Reserves and Surplus | 2 | 4,04,128 | 7,82,397 |
| **(2) Deposits & Current Liabilities** | | | |
| Deposits from Members | 3 | 3,13,70,107 | 1,64,14,564 |
| Other Current Liabilities & Provisions | 4 | 8,13,756 | 5,31,788 |
| | | | |
| ***Total Equity & Liabilities*** | | **3,65,60,691** | **2,05,82,949** |
| | | | |
| **II. ASSETS** | | | |
| *Property, Plant & Equipment* | 5 | 39,83,881 | 2,87,267 |
| Loans & Advances with Members | 6 | 2,59,09,806 | 1,70,60,769 |
| Cash and cash equivalents | 7 | 65,06,761 | 30,11,278 |
| Other current assets | 8 | 1,60,243 | 2,23,635 |
| | | | |
| ***Total Assets*** | | **3,65,60,691** | **2,05,82,949** |

- -

**FOR, Al Barkah Credit & Consumer Co-op. Society Ltd.**

Sd/-
**Shaikh Vaseef Hussain**
**(President)**

Sd/-
**Ansari Jawed Akhtar**
**(Managing Director)**

**PLACE: AHMEDABAD**
**DATED: 15th August, 2024**

# Al Barkah Credit & Consumer Co-op. Society Ltd.

## STATEMENT OF PROFIT & LOSS FOR THE YEAR ENDED ON 31st March-2024

| | | | Amount Rs. |
|---|---|---|---|
| **Particulars** | **Notes** | ***31st March-2024*** | ***31st March-2023*** |
| **Income** | | | |
| | | | |
| Revenue from operations | 9 | 14,00,702 | 11,92,201 |
| Other Income | 10 | 4,52,039 | 2,62,320 |
| | | | |
| ***Total Revenue*** | | **18,52,741** | **14,54,521** |
| ***Expenses:*** | | | |
| | | | |
| Employee Benefit Expenses | 11 | 9,89,531 | 6,05,861 |
| Depreciation and Amortization Expense | 5 | 63,057 | 57,817 |
| | | | |
| Other Operating Expenses | 12 | 8,12,977 | 5,79,392 |
| | | | |
| ***Total Expenses*** | | **18,65,565** | **12,43,070** |
| | | | |
| **Profit / (Loss) before Financial Reward** | | **(12,824)** | **2,11,451** |
| | | | |
| Financial Reward on Growth Fund | | 5,21,125 | 3,97,672 |
| | | | |
| **Net Profit / Loss before Tax** | | **(5,33,949)** | **(1,86,221)** |
| | | | |
| *Provision for Income Tax* | | - | - |
| | | | |
| **Profit / (Loss) for the year after Tax** | | **(5,33,949)** | **(1,86,221)** |

**FOR, Al Barkah Credit & Consumer Co-op. Society Ltd.**

Sd/-
**Shaikh Vaseef Hussain**
**(President)**

Sd/-
**Ansari Jawed Akhtar**
**(Managing Director)**

**PLACE: AHMEDABAD**
**DATED: 15th August, 2024**

# Al Barkah Credit & Consumer Co-op. Society Ltd.

## CASH FLOW STATEMENT FOR THE PERIOD ENDED ON 31st March-2024

Amount Rs.

| | Particulars | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|
| (A) | ***Cash flows from Operating Activities:*** | | |
| | Net Profit before taxation | (5,33,949) | (1,86,221) |
| Add: | Non Cash and Non Operating Exense / Income | | |
| | Depreciation | 63,057 | 57,817 |
| | New Admission Fees from Members - Capital Receipt | 83,900 | 78,500 |
| | **Cash flow before changes working capital** | **(3,86,992)** | **(49,904)** |
| Add: | **Increase / (Decrease) in Operating Liabilities** | | |
| | Deposit from Members | 1,49,55,543 | 75,70,212 |
| | Other Current Liabilities | 2,81,968 | 5,03,505 |
| Add: | **Decrease / (Increase) in Operating Assets** | | |
| | Loans to Members | (88,49,037) | (80,21,146) |
| | Other Current Assets | 63,392 | (85,069) |
| | **Cash generated from Operations** | **60,64,874** | **(82,402)** |
| Less: | Income Tax Paid | - | - |
| | ***Net Cash Utilised / Generated from Operating Activities*** | **60,64,874** | **(82,402)** |
| (B) | ***Cash flows from Investing Activities:*** | | |
| | Investment in Property, Plant and Equipments | (37,59,671) | (2,27,340) |
| | ***Net Cash Utilised / Generated from Investing Activities*** | **(37,59,671)** | **(2,27,340)** |
| (C) | ***Cash flows from Financing Activities:*** | | |
| | Increase / (Decrease) in Share Capital | 11,18,500 | 8,24,200 |
| | Increase / (Decrease) in Corpus & Grant | 71,780 | 8,00,000 |
| | ***Net Cash Utilised / Generated from Financing Activities*** | **11,90,280** | **16,24,200** |
| **(D)** | ***Net increase/decrease in cash & cash equivalents(A+B+C)*** | **34,95,483** | **13,14,458** |
| **(E)** | ***Cash & cash equivalents at the beginning of the period*** | **30,11,278** | **16,96,820** |
| **(F)** | ***Cash & cash equivalents at the end of the period (D+E)*** | **65,06,761** | **30,11,278** |

***FOR, Al Barkah Credit & Consumer Co-op. Society Ltd.***

Sd/-
***Shaikh Vaseef Hussain***
***(President)***

Sd/-
***Ansari Jawed Akhtar***
***(Managing Director)***

***PLACE: AHMEDABAD***
***DATED: 15th August, 2024***

# Al Barkah Credit & Consumer Co-op. Society Ltd.

***Notes to Financial Statements of the year ended 31st March-2024***

***1. Share Capital*** **Amount Rs.**

| Sr. No | Particulars | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|
| 1 | **AUTHORIZED CAPITAL** | | |
| | 50,000 (P.Y. 50,000) Equity Shares of Rs. 100/- each. | 50,00,000 | 50,00,000 |
| | | 50,00,000 | 50,00,000 |
| 2 | **ISSUED , SUBSCRIBED & PAID UP CAPITAL** | | |
| | 39,727 (P.Y. 28,542) Equity Shares of Rs. 100/- each, Fully Paid up | 39,72,700 | 28,54,200 |
| | **Total** | **39,72,700** | **28,54,200** |

***2. Reserves and Surplus (Other Equity)*** **Amount Rs.**

| | Particulars | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|
| | **Admission Fees from Members** | | |
| | Brought Forward from Previous Year | 78,500 | - |
| | Add: Net Receipt During the year | 83,900 | 78,500 |
| | **Closing Balance of Admission Fees - A** | **1,62,400** | **78,500** |
| | | | |
| | **Grant & Corpus Fund** | 10,19,780 | 9,48,000 |
| | Brought Forward from Previous Year | 9,48,000 | 1,48,000 |
| | Add: Net Receipt During the year | 71,780 | 8,00,000 |
| | **Closing Balance of Grand & Corpus Fund - B** | **10,19,780** | **9,48,000** |
| | | | |
| | **Profit & Loss Account** | | |
| | Balance brought forward from previous year | (2,44,103) | (57,882) |
| | Add: Profit / (Loss) for the period | (5,33,949) | (1,86,221) |
| | **Surplus / (Deficit) of Profit & Loss Account** | **(7,78,052)** | **(2,44,103)** |
| | | | |
| | **Total** | **4,04,128** | **7,82,397** |

***3. Deposits from Members*** **Amount Rs.**

| | Particulars | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|
| | Daily Depsoit Account | 52,31,315 | 30,04,976 |
| | Saving Account | 1,24,35,786 | 66,00,855 |
| | Growth Fund Account (Recurring Deposits) | 1,36,03,006 | 68,08,733 |
| | Growth Fund Account (Fixed Deposits) | 1,00,000 | - |
| | **Total** | **3,13,70,107** | **1,64,14,564** |

***4. Other Current Liabilities & Provisions*** **Amount Rs.**

| | Particulars | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|
| | Financial Reward Payable to Members | 5,00,944 | 4,20,712 |
| | Expenses Payable | 67,465 | 36,010 |
| | Unclaimed Share, Admission fee and Deposits | 15,467 | 5,816 |
| | Provision for Bad Debts | 1,84,170 | 69,250 |
| | *TDS payable @194A* | 45,710 | - |
| | **Total** | **8,13,756** | **5,31,788** |

***Note : 5 Property, Plant & Equipment***

| Sr. No | Particulars | Rate | Gross Block | | | | Depreciaton | | | | Net Block | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | *Value at the beginning* | *Addition during the year* | *Deduction during the year* | *Value at the end* | *Value at the beginning* | *Addition during the year* | *Deduction during the year* | *Value at the end* | *WDV as on 31.03.2024* | *WDV as on 31.03.2023* |
| I | **Tangible Assets** | | | | | | | | | | | |
| 1 | Head Office Building -Rakhiyal K-110 | | | 36,70,506 | | 36,70,506 | | | | - | 36,70,506 | - |
| 2 | Fixture and Furniture | | 1,40,066 | 8,600 | | 1,48,666 | 17,780 | 12,229 | | 30,009 | 1,18,657 | 1,22,286 |
| 3 | COMPUTER,PRINTER, MOBILE PHONE AND CCTV | | 1,60,090 | 41,960 | | 2,02,050 | 75,636 | 34,062 | | 1,09,698 | 92,352 | 84,454 |
| 4 | Safety Locker (AMEE) | | 56,000 | | | 56,000 | 9,591 | 6,961 | | 16,552 | 39,448 | 46,409 |
| 5 | Passbook Printer-EPSON | | 25,000 | 26,105 | | 51,105 | 10,000 | 6,000 | | 16,000 | 35,105 | 15,000 |
| 6 | Cash Counting Machine | | 12,500 | 12,500 | | 25,000 | 937 | 2,672 | | 3,609 | 21,391 | 11,563 |
| 7 | Electric Fan | | 6,330 | | | 6,330 | 1,804 | 679 | | 2,483 | 3,847 | 4,526 |
| 8 | Godrej Security Locker | | 4,531 | | | 4,531 | 1,502 | 454 | | 1,956 | 2,575 | 3,029 |
| | | | | | | - | | | | | | - |
| | **SUB TOTAL (A)** | | **4,04,517** | **37,59,671** | **-** | **41,64,188** | **1,17,250** | **63,057** | **-** | **1,80,307** | **39,83,881** | **2,87,267** |
| II | **Intangible Assets** | | | | | | | | | | | |
| | **SUB TOTAL (B)** | | **-** | **-** | **-** | **-** | **-** | **-** | **-** | **-** | **-** | **-** |
| III | **Capital Work-in-progress** | | | | | - | - | - | - | - | - | - |
| | **SUB TOTAL (C)** | | - | - | - | - | - | | - | - | - | - |
| IV | **Intangible Assets Under Development** | | - | - | - | - | - | | - | - | - | - |
| | **SUB TOTAL (D)** | | - | - | - | - | - | - | - | - | - | - |
| | | | | | | | | | | | | |
| | **Total [A + B + C + D] (Current Year)** | | **4,04,517** | **37,59,671** | **-** | **41,64,188** | **1,17,250** | **63,057** | **-** | **1,80,307** | **39,83,881** | **2,87,267** |
| | **(Previous Year)** | | **1,77,177** | **2,27,340** | **-** | **4,04,517** | **59,433** | **57,817** | **-** | **1,17,250** | **2,87,267** | |

**6. Loans and Advances to Members** — Amount Rs.

| | Particulars | | | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|---|---|
| | Murabaha Working Capital | | | 15,24,545 | 23,16,620 |
| | Murabaha Auto Finance | | | 1,52,10,153 | 80,93,830 |
| | Ijara -Dimenishing Musharika | | | 3,47,953 | 2,78,769 |
| | Home Appliances Loan | | | 2,27,770 | 2,90,345 |
| | Simple loan | | | 59,05,478 | 47,85,557 |
| | Employee Loan | | | 82,000 | 14,000 |
| | Gold loan | | | 26,11,907 | 12,81,648 |
| | | | | | |
| | **Total** | | | **2,59,09,806** | **1,70,60,769** |

**7. Cash and Cash Equivalent** — Amount Rs.

| | Particulars | | | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | **Cash-in-Hand** | | | | |
| | Cash Balance | | | 4,90,523 | 4,09,613 |
| | Petty Cash Balance | | | | - |
| | **Sub Total (A)** | | | **4,90,523** | **4,09,613** |
| | | | | | |
| | **Bank Balance** | | | | |
| | ADC bank | | | 39,692 | 22,559 |
| | Indusind bank | | | 15,26,944 | 19,87,525 |
| | Indus Transit | | | 23,675 | 18,435 |
| | State bank of India | | | 19,92,144 | 5,73,146 |
| | **Sub Total (B)** | | | **35,82,455** | **26,01,665** |
| | | | | | |
| | **Other Equivalent Balance** | | | | |
| | Mutual Fund - Tata Ethical Fund | | | 24,33,783 | - |
| | | | | | |
| | **Sub Total (C)** | | | **24,33,783** | **-** |
| | | | | | |
| | **Total [ A + B + C]** | | | **65,06,761** | **30,11,278** |

**8. Other Current Assets** — Amount Rs.

| | Particulars | | | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|---|---|
| | Preoperative Expenses | | | 8,509 | 17,018 |
| | Advance Rent Deposit | | | 18,000 | 18,000 |
| | Profit on Working Capital Receivalbes | | | 36,001 | 25,440 |
| | Locker Rent Advance (Indusind Bank) | | | 4,917 | 1,967 |
| | Shop Deposit-Juhapura Bracnh | | | 63,316 | 1,50,000 |
| | Dilshad Momin-Juhapura Branch | | | - | 11,210 |
| | Advance for Q R Code Service | | | 29,500 | - |
| | | | | | |
| | **Total** | | | **1,60,243** | **2,23,635** |

**9. Revanue From Operations** — Amount Rs.

| | Particulars | | | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | Profit on Consumer Loan Finance | | | 10,13,006 | 3,47,324 |
| | Profit on Business Loan | | | 3,87,696 | 8,44,877 |
| | | | | - | - |
| | **Total** | | | **14,00,702** | **11,92,201** |

**10. Other Income** — Amount Rs.

| | Particulars | | | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|---|---|
| | Profit From TATA Mutual Fund Investments | | | 33,783 | - |
| | Service Charge on Gold Loan | | | 72,999 | 50,531 |
| | Service Charge on Simple Loan | | | 2,08,387 | 1,38,604 |
| | Duplicate Share Certifcate Fee | | | 100 | 50 |
| | Duplicate Passbook fee | | | 200 | 900 |
| | File Charge Received for Auto Fianance | | | 95,560 | 41,260 |
| | Loan Form Fee | | | 20 | 780 |
| | SMS Alert Charges | | | 35,490 | 25,695 |
| | Cheque Return Charges | | | 1,500 | 2,500 |
| | Legal Notice Charges | | | 4,000 | 2,000 |
| | **Total** | | | **4,52,039** | **2,62,320** |

**11. Employee Benefit Expenses** — Amount Rs.

| | Particulars | | | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|---|---|
| | Salary Office Staff | | | 6,97,710 | 4,63,323 |
| | Eid Bonus | | | 65,000 | 34,000 |
| | Commission to Daily Deposit Collector | | | 2,23,722 | 88,603 |
| | Commission and Incentives | | | 3,099 | 19,935 |
| | **Total** | | | **9,89,531** | **6,05,861** |

**12. Operating Expenses** — Amount Rs.

| | Particulars | | | 31st March-2024 | 31st March-2023 |
|---|---|---|---|---|---|
| | Board and BMC Meetings Expences | | | 28,590 | 23,366 |
| | Cloud Hosting Expenses | | | 59,423 | 55,932 |
| | MAINTANENCE COMPUTER,PRINTER,AND CCTV | | | 22,200 | 6,150 |
| | Pre Operative Expenses W/O | | | 8,509 | 8,509 |
| | Internet Expenses | | | 6,095 | 12,749 |
| | Marketing and Pramotional Expenses | | | 22,000 | 1,790 |
| | Bank Charges | | | 1,098 | 966 |
| | Office Expenses | | | 40,525 | 27,235 |
| | Office Rent | | | 1,91,400 | 1,18,200 |
| | Printing and Stationary | | | 77,492 | 65,834 |
| | Mobile Recharge | | | 7,130 | 3,634 |
| | SMS Pack Recharge | | | 49,735 | 25,000 |
| | Electricity Expenses | | | 25,210 | 15,780 |
| | Tea and Refreshment Office | | | 7,990 | 7,480 |
| | Locker Rent-Indusind Bank | | | 2,950 | 2,950 |
| | Audit ITR FIlling Expenses | | | 15,230 | 5,345 |
| | Legel & Professional Expenses | | | 8,500 | 11,500 |
| | AGM Expenses | | | 63,538 | 3,055 |
| | Media and Social Media | | | 12,000 | 2,100 |
| | Guest and Visitors | | | 730 | 435 |
| | Conveyance and Petrol Expenses | | | 16,820 | 1,350 |
| | Pigmy App Expenses | | | 9,086 | 1,770 |
| | Electical Fitting & Maintenance | | | 150 | 32,200 |
| | Branch Opening Ceremony | | | - | 42,047 |
| | Branch Establishment Expenses | | | 11,210 | 34,765 |
| | Provision for Bad Debts on Overdue Loans | | | 1,14,920 | 69,250 |
| | Interest On TDS@194A | | | 259 | - |
| | Post & Courier | | | 62 | - |
| | Property Tax | | | 10,125 | - |
| | **Total** | | | **8,12,977** | **5,79,392** |

Sd/-
**Shaikh Vaseef Hussain**
(President)

Sd/-
**Ansari Jawed Akhtar**
(Managing Director)

# સફળતાની ઝલક



**અબ્દુર્રશીદ એ. શેખ**

હું અબ્દુર્રશીદ અબ્દુર્રઝ્ઝાક શેખ,અલ બરકહ ક્રેડિટ સોસાયટી નો સભ્ય છું. લોડિંગ રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવુ છૂ અગાઉ હું જૂની લોડિંગ રિક્ષા ચલાવતો હતો. જે ઘણી જૂની હતી અને દર મહિને એક મોટી રકમ તેના રિપેરિંગ કામમાં ખર્ચાઇ જતી, જેના કારણે ધંધો પણ ખરાબ થઇ રહ્યો હતો. થાક પણ બહુ લાગતો હતો. મારી માસિક આવક માંડ 15 થી 20 હજાર રૂપિયા થતી હતી, જેમાંથી લગભગ 6 થી 8 હજાર રિપેરિંગ પર ખર્ચાઇ જતા હતાં. મારા વાલિદએ અલ બરકહ સોસાયટી સાથે મારી મુલાકાત કરાવી. અલ બરકહ સોસાયટી એ મને નવી લોડિંગ રિક્ષા વ્યાજમુક્ત લોનથી આપી.

હવે ૫-૬ મહિના થઇ ગયા છે. લોડિંગ રિક્ષા સારી રીતે ચાલી રહી છે અને મારી આવકમાં પણ વધારો થયો છે. الحمد لله (અલ્હમ્દુલિલ્લાહ). હું નિયમિતપણે હપ્તા ભરી રહ્યો છું અને સોસાયટીના બચત ખાતામાં પણ રકમ જમા કરાવી રહ્યો છું ઘરના ખર્ચા પણ સારી રીતે ચાલી રહ્યા છે.

સૌથી મોટી વાત એ છે કે હું વ્યાજની લાનતથી બચી ગયો.

અલ્લાહ પાક અલ બરકહ સોસાયટીને ખૂબ સફળતા આપે અને તેની સ્થાપના કરનારાઓને મોટો અજર આપે, અને બરકત આપે. આમીન.

---



**સૈયદ રશીદા ફિરોઝભાઇ**

બે વર્ષથી સોસાયટીની સભ્ય છું, સોસાયટીમાં મારું માસિક બચતખાતું છે, સોસાયટીમાં જોડાયા પછી મે મારા ખર્ચમાંથી બચત કરવાનું શરુ કર્યું અને દર મહીને કેટલીક રકમ જમા કરું છું. અને જયારે મને જરૂર હોય ત્યારે મારા પૈસા સરળતાથી મળી જાય છે. મહત્વનું એ છે કે અન્ય ચાર્જના નામે કોઈ પણ જાતના છુપા ખર્ચ નથી.

મે સોસાયટીમાંથી સિમ્પલ લોન સ્કીમ હેઠળ લોન મેળવી છે, જે મારી દીકરીના લગ્ન ખર્ચ માટે લીધી હતી. સૌથી સારી બાબતએ કે એ લોન વ્યાજ વગરની છે. જેના હપ્તા હું ખુબજ સરળતાથી જમા કરું છું.મારા અનુભવથી કહું તો,જરૂરી ડોક્યુમેન્ટસ અને સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ હોય છે તો બહુ જલ્દીથી અરજી નિકાલ થઇ જાય છે. લોનખાતામાં પણ અન્ય ચાર્જના નામે કોઈ પણ જાતના છુપા ખર્ચ નથી

સોસાયટીના તમામ સ્ટાફ સભ્યો ખૂબજ નમ્ર છે અને અમારી સાથે સરસ રીતે વર્તે છે તેમજ સોસાયટીના નામની જેમ ખૂબ સહકારી (cooperative) છે

મારા પરિવારમાંથી 4 સભ્યોના ખાતા સોસાયટીમાં ચાલુ છે.અમે અન્ય લોકોને પણ અલ-બરકહ સોસાયટીમાં ખાતું ખોલવી તેનો લાભ લેવા કેહતા હોઇએ છીએ પણ અલ-બરકહ સોસાયટીમાં ખાતું ખોલવી તેનો લાભ લેવા પ્રોત્સાહિત કરીએ છીએ.

પણ અલ-બરકહ સોસાયટીને ભવિષ્યમાં ખુબજ ઝડપી સફળતાની આશા અને દુઆ સાથે.

શુક્રિયા.



**અન્સારી શાહજહાં**

હું અન્સારી શાહજહાં અલબરકહ સોસાયટીની શરૂઆતથી તેની સભ્ય છૂ. શરૂઆતમાં મારુ માસિક બચત ખાતૂ ખોલાવ્યૂ અને વિવિધ જરૂરિયાત માટે લોન પણ લીધી હતી. પહેલા હું અને મારી દિકરીઓ ઘરેથી કાપડ સિવવાનૂ કામ કરતા હતા. પછી મે નાના બાળકો માટે ગોળી બિસ્કિટ વિગેરે વેચવાનો ધંધો શરૂ કર્યો. આ ધંધો વધવા લાગતા મને વધારે માલ સામાન માટે મુડીની જરુર પડી તો મે સોસાયટીમાંથી વ્યાજ વગરની લોન મેળવી અને સાથેજ મારા માસિક બચત ખાતાને ડેલી બચત ખાતામાં ફેરવી દીધું અને દરરોજના ધંધામાંથી ડેલી બચત ખાતામાં જમા કરાવવાનું શરુ કર્યું. જેને લીધે લોનના હપ્તા સરળતાથી ચૂકવી દીધા.

હવે મારી આ નાનકડી દુકાનમાં બાળકો માટેની ચિજ વસ્તુઓની સાથે અન્ય જીવન જરુરીયાતની વસ્તુઓ જેમકે ચા પત્તિ, શકર, દુધ અને બેકરીના પ્રોડક્ટ વિગેરે રાખવાનું શરૂ કર્યું. ઠંડાપીંણા અને દૂધનૂ વેચાણ વધતા મારે એક ફ્રીઝની જરૂર પડતાં મે અલબરકહ સોસાયટીમાં લોન અરજી કરી અને સારી કંપનીનું નવુ વિઝી કુલર મેળવ્યું. મારી એ નાનકડી દુકાન અને આજે નાના પાર્લરમાં પરિવર્તિત થઇ ગઇ છે. અને ડેલી બચતખાતાને લીધે લોનના હપ્તા સરળતાથી ભરાઈ જાય છે.

અત્યારે મારા પરિવારના છ સભ્યોના ખાતા અલબરકહ સોસાયટીમાં ચાલુ છે, મારા પુત્ર અને જમાઇને નોકરીએ જવામાં તકલીફ પડતાં અને ભાડૂ વધારે ખર્ચ થતાં તેઓએ સોસાયટીમાંથી ઓટો ફાયનાન્સ સ્કીમ હેઠળ ટૂ વ્હીલર લીધું હતું જેની સમયસર ચૂકવણી કરી દિધી. સોસાયટીનો નફો માર્કેટના વ્યાજદર કરતા ખુબજ ઓછો હોય છે.

અલ્લાહ પાક અલ બરકહ સોસાયટીને ખૂબ સફળતા આપે, તેનો વિસ્તાર ખૂબ જલ્દીથી વધે કે જેથી વધુમાં વધુ લોકો સુધી તેનુ લાભ પહોંચી શકે. આમીન.

---



**શેખ અફઝલ એહમદ**

I am Sheikh Afzal Ahmed Anees Ahmed and have been a member of Al-Barakah Society for the past two years. I have a growth fund savings account in the society. I run an industrial valve supply business under the name "Safe Valves." Alhamdulillah, the business is doing very well and is continuously growing. I needed additional capital for the expansion of my business, and while some banks offered me loans, I was not inclined to take interest-based loans.

During this time, a Chartered Accountant friend introduced me to Al-Barakah Society and advised me to open an account there. I visited the society’s office, understood their concept and working style, and opened an account. I also applied for a business loan to secure the necessary capital for my business expansion. After careful consideration, the society's committee approved the loan. We proceeded with a profit and loss sharing agreement, and since then, I have engaged in several projects with the society.

The good thing about the society is its transparency. As long as the required compliance is met according to the society's policy, funds are provided on time. The best part is that everything here is interest-free.

Currently, three members of my family have accounts with Al-Barakah Society, and I often discuss this with my friends as well.

I pray to Allah Subhanahu wa Ta'ala to grant continued success to Al-Barakah Society. Ameen.

# બ્રાન્ચ વિઝીટ



अल बलरकाह क्रेडिट सोसाइटी के इंटरेस्ट फ्री मोडल को समझने के मकसद से तारीख 22 दिसम्बर 2023 के दिन पालनपूर से आए पांच लोगों के एक वफद (टीम)ने अलबरकाह क्रेडिट एंड कंज्यूमर को ओ सोसाइटी के रखियाल ब्रांचकी मूलाकात ली। वफद में, मौलाना ज़ैद साहब (मूदर्रीस-दावतुल हक), मौलाना आसिफ साहब, मोहम्मद ज़फर कादरी साहब, इमरान भाई मेमन साहब (एडवोकेट), मोहम्मद ज़ूबेर साहब शामिल थे।



27 नवम्बर सोमवारजनाब ओसामा खान (CEO Sahulat Micro. Delhi), जनाब C A एस एस कादरी (Governing Body member Sahulat Micro. Delhi), ने जनाब C A अल्ताफ, जनाब C A अहेमद रज़ा के साथ शहेर अहमदाबाद के सफर के दौरान अल बलरकाह क्रेडिट सोसाइटी के रखियाल ब्रांचकी मूलाकात की। जनाब सैय्यूम खान (Vice president Al Barkah Credit Society) भी इस मूलाकात मे शामिल रहे।



सहयोग शराफी को. ओपरेटिव सोसाइटी (कनोदर पालनपूर) रजिस्टर्ड सोसाइटी है जो कई सालों से ब्याज आधारित काम कर रही है।अल बलरकाह क्रेडिट सोसाइटी के इंटरेस्ट फ्री मोडल को समझने के मकसद से तारीख 11 नवंबर 2023 के दिन सहयोग शराफी को. ओपरेटिव सोसाइटी - कनोदर पालनपूर के एक वफद (टीम)ने अलबरकाह क्रेडिट एंड कंज्यूमर को ओ सोसाइटी के रखियाल ब्रांचकी मूलाकात ली। वफद में सहयोग शराफी को. ओपरेटिव सोसाइटी के वाइस चेयरमैन जनाब मोहम्मद हूसेन कड़ीवाला, मेनेजिंग डायरेक्टर जनाब मोहम्मद भाई पलासरा और दो बोर्ड मेम्बर्स जनाब राजा भाई चौधरी और जनाब अलीभाई मोमीन शामिल थे।

जमाअत-ए-ईस्लामी हिन्द, मर्कज़ का वफद अमीरे हल्का डॉ. मोहम्मद सलीम पट्टीवाला के साथ रखियाल ब्रान्च की मुलाकात पर.



# બોર્ડ અને BMC મિટીંગ્સ

## નાણાંકીય વર્ષ 2023-24 માં
## બોર્ડ મિટીંગ : 03
## BMC (બ્રાન્ચ મેનેજીંગ કમિટી) મિટીંગ

રખિયાલ બ્રાન્ચ - 45 | જુહાપુરા બ્રાન્ચ - 50



08-10-2023 Board Meeting



21-01-2024 Board Meeting



05-05-2024 Board Meeting

# પ્રોડક્ટિવ લોન્સ


















# 2nd Annual General Meeting

6th August, 2023 @ Tagore Hall, Ahmedabad



# Juhapura Branch Opening

13th November, 2022 @ Gandhi Hall, Ahmedabad



البركه
Al Barkah
Credit & Consumer Cooperative Society Ltd

# Contact Us


## રખિયાલ બ્રાન્ચ

K-110, સુમેલ-8, અજીત મીલ ચાર રાસ્તા પાસે,
રખિયાલ, અહમદાબાદ-380023 (ગુજરાત)
મો: +91 7984 83 8258

## જુહાપુરા બ્રાન્ચ

એ-5, બેઝમેન્ટ, આયેશા કોમ્પ્લેક્ષ, રિયાઝ હોસ્પિટલ,
સરખેઝ રોડ, જુહાપુરા, અહમદાબાદ - 380055
મો: +91 8780 33 2958

**Email :** albarkah.finance@gmail.com
www.albarkah.in